|| ધોરણ : 12 || || વિષય : અર્થશાસ્ત્ર || ||

પાઠ : 1 : અર્થશાસ્ત્રમાં આલેખ

આકૃતિ :	આલેખ :
➢ સામાન્ય રીતે અવલોકિત માહિતીનું ચિત્ર દ્વારા પ્રતિનિધિત્વ આકૃતિ કરે છે. ➢ કાર્યકારણનો સંબંધ ધરાવતા ચલો વચ્ચેનો સંબંધ રેખાંકિત કરવામાં આવતાં જે ચિત્ર મળે તેને આકૃતિ કહેવાય,	➢ આલેખ પણ અવલોકિત માહિતીનું ચિત્ર દ્વારા પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ આલેખ માટે વપરાતી માહિતી સ્વયં સ્પષ્ટ હોતી નથી. ➢ સતત આવૃત્તિ ધરાવતી માહિતી અથવા અસ્પષ્ટ આંકડાકીય માહિતી માટે આંકડાશાસ્ત્રની મદદથી સ્પષ્ટતા લાવીને દોરાતું ચિત્ર એટલે આલેખ.

અર્થશાસ્ત્રમાં આકૃતિઓ તથા આલેખોનું મહત્ત્વ :

1) સામાન્ય રીતે અથરો અને અટપટો લાગતો અર્થશાસ્ત્રનો અભ્યાસ આકૃતિ દ્વારા સરળ બને છે અને આલેખ દ્વારા વધુ સ્પષ્ટ બને છે.
2) અર્થતંત્રમાં આવતાં કેટલાંક પરિબળોનાં જુદાં-જુદાં વર્ષોનાં વલણો સહેલાઈથી એક જ આકૃતિ અથવા આલેખમાં જોઈ શકાય છે.
3) અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં થતા ફેરફારો પણ સહેલાઈથી સમજી શકાય છે.
4) અર્થતંત્રનાં કેટલાંક પરિબળો માટેની વર્ગો, પ્રદેશો, ક્ષેત્રો તેમજ સમયગાળા વચ્ચેની સરખામણી સહેલાઈથી કરી શકાય છે.
5) અર્થશાસ્ત્રની કેટલીક અઘરી બાબતો સમજવા-સમજાવવા પાછળ લખનાર અને વાંચનારનો સમય તથા શક્તિ બચે છે, કારણ કે આકૃતિ અને આલેખ દ્વારા અનેક બાબતો સ્પષ્ટ રીતે જોવાય છે.
6) અર્થશાસ્ત્રના કેટલાક અથરા સિદ્ધાંતો આકૃતિ અને આલેખની મદદથી સમજવામાં સરળ બને છે.

આકૃતિ અને આલેખ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

1) આકૃતિ અને આલેખના પ્રકારની પસંદગી અને રજૂઆત :	4) આકૃતિ કે આલેખની બંને ધરી પરની વિગતો સ્પષ્ટ દર્શાવવી :
2) સ્પષ્ટતા :	5) આંકડાકીય માહિતીનો સ્રોત :
3) ચોક્કસ સ્કેલ-માપ :	6) આંકડાકીય માહિતી ગણવાની રીત દર્શાવવી :

આકૃતિના પ્રકારો (Types of Diagrams) :

1) ચિત્રાકૃતિ	4) વર્તુળ આકૃતિ
2) છૂટાંછવાયાં બિંદુઓ અથવા વિકિર્ણ દર્શાવાતી આકૃતિ	5) સ્તંભ આકૃતિ
3) સમય આધારિત અથવા અન્ય પરિબળ આધારિત-રેખા આકૃતિ	6) વૃત્તાંશ આકૃતિ

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

સ્તંભ આકૃતિ : જ્યારે કોઈ એક ચલના મૂલ્યને વિવિધ વિભાગો વચ્ચે વહેંચવામાં આવ્યા હોય ત્યારે દરેક વિભાગ માટે સમાન આધાર પર એક સ્તંભ દોરવામાં આવે અને સ્તંભની ઊંચાઈ તે મૂલ્ય દર્શાવે તેવી આકૃતિ એ સ્તંભ આકૃતિ કહેવાય છે.

સ્તંભ આકૃતિના પ્રકારો :

(1) સાદી સ્તંભ આકૃતિ :	(3) પાસ-પાસેની સ્તંભ આકૃતિ :	(3) વિભાજિત સ્તંભ આકૃતિ :
સાદી સ્તંભ આકૃતિ કોઈ એક આધાર, જેમ કે પ્રદેશો, સમયગાળો વગેરે ઉપર કોઈ ચલનું મૂલ્ય દર્શાવે છે. આ આકૃતિ વિવિધ પ્રદેશો, સમયગાળા વગેરે માટે ચલના મૂલ્યની સરખામણી આકર્ષક રીતે રજૂ કરવામાં આવે છે.	આ પ્રકારની આકૃતિમાં કોઈ એક આધાર ઉપર કોઈ એક ચલનું એક કરતાં વધુ વર્ગો માટેનું મૂલ્ય દર્શાવવામાં આવે છે. આથી આધારના દરેક મૂલ્ય ઉપર ચલના વિવિધ વર્ગોનાં મૂલ્યો દર્શાવતાં જુદા-જુદા સ્તંભો દોરવામાં આવે છે.	જ્યારે સ્તંભ આકૃતિના દરેક સ્તંભના મૂલ્યને એકથી વધુ પેટા વિભાગોમાં વહેંચવામાં આવે ત્યારે વિભાજિત સ્તંભ આકૃતિ બને છે.

સ્તંભ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

1) દરેક સ્તંભની પહોળાઈ સરખી હોય છે કારણ કે સ્તંભની પહોળાઈ કોઈ મૂલ્ય દર્શાવતી નથી.
2) દરેક સ્તંભની લંબાઈ કે ઊંચાઈ તે સ્તંભ માટેના ચલના મૂલ્યને અનુરૂપ હોવી જોઈએ.
3) દરેક સ્તંભની વચ્ચેનો ગાળો આકૃતિમાં સરખો હોવો જોઈએ અને તે જ ગાળો ઊગમબિંદુ અને પ્રથમ સ્તંભ વચ્ચે જાળવવો જોઈએ.
4) દરેક સ્તંભ 'X' ધરી પર સામાન્ય રીતે દોરવામાં આવે છે. જેના પર દર્શાવાતા પરિબળને આધાર કહેવાય છે.
5) આજના આધુનિક યુગમાં કમ્પ્યુટરની મદદથી ઊભા સ્તંભના બદલે આડા સ્તંભ ('Y' ધરીથી આડા) દોરવાની રીત પણ વધુ પ્રચલિત થઈ છે.
6) દરેક ઊભો સ્તંભ માહિતીના ક્રમમાં જ દોરવામાં આવે છે. આમ, પ્રથમ માહિતી માટેનો સ્તંભ ઊગમબિંદુથી પહેલો દોરવામાં આવે છે.

વૃત્તાંશ આકૃતિ :

- વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. એક વર્તુળને એક સમષ્ટિ માની લેવામાં આવે અને માહિતીના વિભાગોને વર્તુળના ભાગ પાડીને દર્શાવવામાં આવે ત્યારે વૃત્તાંશ આકૃતિ બને છે.
- કુલ માહિતીના પેટા વિભાગોને વર્તુળના અંશના પ્રમાણમાં જ્યારે દોરવામાં (દર્શાવવામાં) આવે ત્યારે તેવી આકૃતિને વૃત્તાંશ આકૃતિ કહેવાય છે.

વૃતાંશ શોધવાનું સૂત્ર :

- $\text{વૃત્તાંશ} = \frac{\text{પેટા મૂલ્ય}}{\text{કુલ મૂલ્ય}} \times 360$

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

વૃત્તાંશ આકૃતિ દોરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :

1) વર્તુળના 360 વૃતાંશ હોય છે.
2) માહિતીના દરેક પેટા મૂલ્યના આધારે વૃત્તાંશ શોધવામાં આવે છે અને દરેક પેટા વિભાગના વૃત્તાંશનો સરવાળો 360° થવો જોઈએ.
3) જ્યારે કોઈ બે સમયગાળા કે પ્રદેશો વચ્ચેથી સરખામણી માટે બે વૃત્તાંશ આકૃતિઓ બાજુ-બાજુમાં દોરાય, તો કુલ મૂલ્યના આધારે જે-તે વર્તુળ દોરવામાં આવે છે. નાના આંકવાળી માહિતી માટે નાનું વર્તુળ અને મોટા આંકવાળી માહિતી માટે મોટું વર્તુળ દોરવામાં આવે છે.

આલેખના પ્રકારો (Types of Graphs) :

1) સામાયિક શ્રેણીનાં વલણો દર્શાવતાં આલેખ
2) સતત આવૃત્તિ-વિતરણ ધરાવતી માહિતી માટેના આલેખો
- સ્તંભાલેખ (Histogram)
- આવૃત્તિ બહુકોણ (Frequency polygon)
- આવૃત્તિ વક્ર (Frequency curve)
- સંચયી આવૃત્તિ બહુકોણ (Cumulative frequency polygon)

3) લઘુગુણક (લોગ) આધારિત આલેખ

અર્થશાસ્ત્રના અભ્યાસમાં કમ્પ્યૂટર ટેક્નોલૉજીનો ઉપયોગ :	અર્થશાસ્ત્રના અભ્યાસમાં ઈન્ટરનેટ ટેક્નોલૉજીનો ઉપયોગ :
1) પ્રેઝન્ટેશન બનાવવા તૈયાર કરવા માટે	1) ટ્યુટોરિયલ
2) એક્સલ વર્કશીટ	2) (તત્કાલ) ત્વરીત શિક્ષણ કે જાણકારી
3) આકૃતિ અને આલેખ દોરવા માટેના પ્રોગ્રામો	3) વાંચવાલાયક સામગ્રી
4) અભ્યાસ-સામગ્રી સાચવવા માટે	4) વિવિધ માહિતી મેળવવા
5) અન્ય સાધનો	5) અન્ય માહિતી મેળવવા
	6) આંકડાકીય માહિતી

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 2 : વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો

આર્થિક વૃદ્ધિનો અર્થ :	આર્થિક વૃદ્ધિની વ્યાખ્યા :
✓ વૃદ્ધિ એટલે આર્થિક વૃદ્ધિ. દેશના ઉત્પાદનનાં સાધનોના પુરવઠામાં, તેમની પ્રાપ્તિમાં વધારો થતો હોય. સાધનોની ઉત્પાદકતા-કાર્યક્ષમતા વધતી હોય અને તેનાથી વાસ્તવિક રાષ્ટ્રીય આવક અને વાસ્તવિક માથાદીઠ આવક સતત વધતી હોય તે આર્થિક વૃદ્ધિ છે તેમ કહેવાય.	✓ "આર્થિક વૃદ્ધિ એટલે રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર અથવા વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન પ્રમાણમાં થતો વધારો." -- હેન્સન ✓ "પ્રજાને વધુ ને વધુ વૈવિધ્યપૂર્ણ આર્થિક ચીજવસ્તુઓનો પુરવઠો પૂરો પાડવાની દેશની શક્તિમાં લાંબા ગાળા માટે થતો વધારો આર્થિક વૃદ્ધિ છે." -- સાયમન કુઝનેટ્સ

આર્થિક વિકાસનો અર્થ અને વ્યાખ્યા :

- "આર્થિક વિકાસ એ બહુપરિમાણિય પ્રક્રિયા છે." -- માઈકલ ટોડેરો
- "આર્થિક વિકાસ એવી પ્રક્રિયા છે કે જે હેઠળ ગરીબી રેખા નીચેની વસ્તીમાં વધારો ન થાય, આવકની વહેંચણી વધુ અસમાનતા ધારણ ન કરે તે શરતોને આધીન રહીને દેશની માથાદીઠ વાસ્તવિક આવકમાં લાંબા સમયગાળા સુધી વધારો જન્માવે છે." -- જી. એમ. મેયર
- "વસ્તી સ્થિર હોય કે સતત વધતી હોય, પરંતુ ઉત્પાદનનાં સાધનો તથા ઉત્પાદનની રીતમાં ફેરફાર જન્માવતી એવી પ્રક્રિયા છે કે જેને લીધે માથાદીઠ આવકમાં સતત વધારો થતો હોય અને લોકોનું જીવનધોરણ ઊંચું જતું હોય, તો દેશનો આર્થિક વિકાસ થઈ રહ્યો છે તેમ કહેવાય." -- મેકલપ

આર્થિક વિકાસનાં લક્ષણો :

1) આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે.
2) પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તન થાય છે.
3) માંગમાં પરિવર્તન આવે છે.
4) શ્રમની ગતિશીલતા વધે છે.
5) મૂડીસર્જનમાં વધારો થાય છે.
6) ટેક્નોલૉજીમાં ફેરફાર થાય છે.
7) અમુક તબક્કા બાદ વિકાસની પ્રક્રિયા સ્વયંભૂ હોય છે.

આર્થિક વિકાસના ખ્યાલની મર્યાદાઓ :

1) આર્થિક વિકાસ દેશની પ્રગતિને દર્શાવી શકે છે. આર્થિક બાબતોની સ્થિતિ દર્શાવી શકે છે પરંતુ તે સાચા અર્થમાં માનવવિકાસની ચર્ચા કરી શકતું નથી. માનવપ્રગતિનું માપદંડ બની શકતું નથી.
2) આર્થિક વિકાસને આર્થિક વૃદ્ધિની જેમ માપી શકાતું નથી. આર્થિક વિકાસને માપવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે કારણ કે આર્થિક વિકાસમાં સમાજમાં આવેલાં પરિવર્તનોનો પણ સમાવેશ થાય છે. તેનું માપ કાઢવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે.
3) આર્થિક વિકાસ થાય તો પ્રજાનું જીવનધોરણ ઊંચું આવે ? આજે ભારતમાં આર્થિક વિકાસ થાય છે છતાં પ્રજાનાં જીવનધોરણમાં ખૂબ સુધારો થયો નથી એટલે વિકાસ એટલે જીવનધોરણમાં સુધારો એવું કહી શકાય નહિ.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

આર્થિક વિકાસના નિર્દેશકો :	રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દરની મર્યાદાઓ :
1) રાષ્ટ્રીય આવકનો વૃદ્ધિ-દર 2) માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર તેનો આંક 3) માનવવિકાસનો આંક (HDI) 4) જીવનની ભૌતિક ગુણવત્તા (PQLI)	1) રાષ્ટ્રીય આવકની ગણતરીની મુશ્કેલી. 2) વસ્તી. 3) રાષ્ટ્રીય આવક ગણવાની જુદી-જુદી પદ્ધતિઓ.

માથાદીઠ આવકનો વૃદ્ધિ-દર તેનો આંક :	માથાદીઠ આવકનો વૃદ્ધિ-દરની મર્યાદાઓ :
➢ માથાદીઠ આવક એટલે સરેરાશ માથાદીઠ આવક. દેશની કુલ રાષ્ટ્રીય આવકને વસ્તીના કુલ પ્રમાણ વડે ભાગતા જે સરેરાશ આવક આવે તે માથાદીઠ આવક છે.	1) માત્ર અંદાજો. 2) રાષ્ટ્રીય આવક-માથાદીઠ આવક ગણવાની મુશ્કેલી. 3) માથાદીઠ આવક માત્ર સરેરાશ દર્શાવે છે. 4) સરખામણીની મુશ્કેલી 5) ભ્રામક નિર્દેશક છે.

જીવનની ભૌતિક ગુણવત્તા એટલે શું ? :
✓ માનવજીવનની ભૌતિક ગુણવત્તા વિવિધ વસ્તુઓ અને સેવાઓની વપરાશનાં ધોરણો પર આધારિત છે. વપરાશનાં ધોરણો એટલે સમયના કોઈ એક ગાળા દરમિયાન વ્યક્તિ અથવા વ્યક્તિઓના સમૂહ દ્વારા (1) વપરાશમાં લેવાયેલ ખોરાક, બળતણ તથા અન્ય બિનટકાઉ વસ્તુઓ (2) વપરાશમાં લેવાયેલ ટકાઉ અને અર્ધ ટકાઉ વસ્તુઓ અને (3) વપરાશમાં લેવાયેલ સેવાઓનો સમૂહ, આ વપરાશના ધોરણ કે જીવનધોરણ તેમના જીવનની ભૌતિક ગુણવત્તા નક્કી કરે છે. તેથી વપરાશના ધોરણ કે જીવનધોરણને જીવનની ભૌતિક ગુણવત્તા તરીકે ઓળખવામાં આવે છે. દેશના નાગરિકોનું જીવનધોરણ ઊંચું જાય તો જીવનનો ભૌતિક સુધારો થયો છે તેમ કહી શકાય.

જીવનની ભૌતિક ગુણવત્તામાં સમાવિષ્ટ થતી બાબતો :
1) ખોરાક (કેલરી પ્રોટીન-ચરબી) 2) આરોગ્ય અને તબીબી સેવાઓ (વસ્તીના એકમ દીઠ ડૉક્ટરનું પ્રમાણ) 3) રહેઠાણ અને કપડાં (ઓરડાની સંખ્યા, ઓરડા દીઠ સરેરાશ વ્યક્તિ) 4) શિક્ષણ અને મનોરંજન (કેટલા ટકા વસ્તીને પ્રાથમિક, માધ્યમિક ઉચ્ચતર શિક્ષણ મળે છે. ટીવી, થિયેટર્સ) વગેરે 5) પરિવહન અને માહિતી પ્રસારણ સેવાઓ વસ્તી દીઠ રસ્તા-રેલવેની લંબાઈ, ટેલિફોન સંખ્યા 6) ઊર્જાશક્તિ (માથાદીઠ ઊર્જાની વપરાશ) 7) દેશની વસ્તીને મળતું પીવાનું ચોખ્ખું પાણી 8) સરેરાશ આયુષ્ય 9) બાળમૃત્યુનું પ્રમાણ 10) ટ્રેનેજની સુવિધા

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

જીવનની ભૌતિક ગુણવત્તાના આંકમા સમાવિષ્ટ થતી ત્રણ બાબતો (ઘટકો) :		
(1) શિક્ષણ-પ્રમાણ :	(2) અપેક્ષિત આયુષ્ય :	(3) બાળમૃત્યુ-દર :
જવનની ભૌતિક ગુણવત્તાનો મહત્વનો માપદંડ છે. શિક્ષણનો વધારો વ્યક્તિના કલ્યાણનો વધારો દર્શાવે છે. વ્યક્તિની કુશળતા અને દેશના વિકાસની આવશ્યક બાબત ગણાય છે.	બાળકના જન્મસમયે તે કેટલા વર્ષનું આયુષ્ય ભોગવશે તેની અપેક્ષાને અપેક્ષિત આયુષ્ય કહે છે. જન્મસમયે અપેક્ષિત આયુષ્ય એટલે નવું જન્મેલું બાળક સરેરાશ કેટલાં વર્ષ જીવશે તેવી અપેક્ષા છે.	વર્ષ દરમ્યાન જીવતાં જન્મેલાં દર હજાર ભાળકોએ એક વર્ષનું આયુષ્ય પૂર્ણ કર્યા પહેલાં મૃત્યુ પામતાં ભાળકોની સંખ્યાને બાળમૃત્યુ-દર કહે છે.
PQLI = શિક્ષણનું પ્રમાણ + અપેક્ષિત આયુષ્યનો આંક + બાળમૃત્યુ-દરનો આક		

માનવવિકાસ આંકમા સમાવિષ્ટ થતા ઘટકો :		
(1) અપેક્ષિત આયુષ્ય :	(2) જ્ઞાન (શિક્ષણ) :	(3) સારું જીવનધોરણ :
બાળકના જન્મસમયે તે કેટલા વર્ષનું સરેરાશ આયુષ્ય ભોગવશે તેની અપેક્ષા.	જ્ઞાનનું પ્રમાણ પુખ્ત શિક્ષિતોની ટકાવારી કેટલી છે તે જાણવામાં આવે છે. આમાં 15 વર્ષ અને તેનાથી વધુ વ્યક્તિના અક્ષરજ્ઞાનને ધ્યાનમાં લેવાય છે.	નાગરિકોને પ્રાપ્ત થતી સુવિધાઓ જેમાં પાણી, વીજળી, ડ્રેનેજ, મકાન, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, આરોગ્યની સુવિધા, દ્રાવ્ય કેલેરી, પ્રોટીન અને ચરબીનો સમાવેશ થાય છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 3 : નાણું અને ફુગાવો

સાટાપ્રથાનો અર્થ :	સાટાપ્રથાની મર્યાદાઓ :
✓ પ્રાચીન સમયમાં માણસે પોતાની પાસે હોય તેવી વસ્તુઓ અને સેવાઓ આપીને પોતાને જરૂરી અન્ય વસ્તુઓ અને સેવાઓ મેળવવાનો પ્રયત્ન કર્યો અને આ પ્રથાને વસ્તુ વિનિમય પ્રથા કે સાટાપ્રથા કહેવામાં આવે છે. ✓ વસ્તુવિનિમય પ્રથા એટલે વસ્તુ કે સેવાના બદલામાં અન્ય વસ્તુ કે સેવા મેળવવાની પ્રથા.	1) જરૂરિયાતોનો પરસ્પર મેળ બેસાડવાની મુશ્કેલી 2) મૂલ્યના સંગ્રહની મુશ્કેલી 3) મૂલ્ય માપનની મુશ્કેલી

નાણાંનો અર્થ :

- ➢ માર્શલના મતે "કોઈ પણ સમયે અને સ્થળે કોઈ સંશય કે વિશેષ તપાસ વિના જેના દ્વારા વસ્તુઓ અને સેવાઓનો વિનિમય થઈ શકે તેને નાણું કહેવાય."
- ➢ રોબર્ટ્સનના મતે 'વસ્તુઓ અને સેવાઓના બદલામાં જે સર્વ સ્વીકૃત છે તે નાણું છે.' આમ, જે નાણાંનું કાર્ય કરે છે તે નાણું છે.

નાણાંનાં કાર્યો :	નાણાંના પ્રકારો :	
1) વિનિમયના માધ્યમનું કાર્ય	1) વસ્તુ નાણું	4) કાગદી નાણું
2) મૂલ્યના સંગ્રાહક તરીકે	2) પશુ નાણું	5) પ્લાસ્ટિક નાણું
3) મૂલ્યના માપદંડ તરીકેનું કાર્ય	3) ધાતુ નાણું	6) બેન્ક નાણું (અદૃશ્ય કે ઈ-મની)

ફુગાવાનો અર્થ :

- ❖ સામાન્ય રીતે ભાવવધારો એટલે ફુગાવો.
- ❖ ફુગાવો એ આર્થિક સમસ્યા છે અને નાણાકીય ઘટના છે. સામાન્ય પ્રજા ચીજવસ્તુના ભાવવધારાને ફુગાવો માને છે પરંતુ અર્થશાસ્ત્રમાં ફુગાવાનો સ્પષ્ટ અર્થ આપવાનો પ્રયત્ન થયો છે.

ફુગાવાની વ્યાખ્યાઓ :

- ➢ "વસ્તુના પુરવઠા કરતા તેની વધારે પ્રમાણમાં માંગ થાય તે સ્થિતિને ફુગાવો કહે છે."–ડૉ.એ.પી.લર્નર
- ➢ "વાસ્તવિક આવક કરતા નાણાકીય આવક વધારે ઝડપથી વધે તેને ફુગાવો કહે છે." -ડૉ.એ.સી.પીગુ
- ➢ ભાવસપાટીમાં થતાં સતત અને સર્વગ્રાહી વધારો એ ફુગાવો છે જેમાં નાણાંની ખરીદશક્તિ સતત ઘટે છે. ડૉ. જે. એમ. કેઇન્સ માને છે કે, ફુગાવાની સાચી સ્થિતિ સાધનોને પૂર્ણ રોજગારી પછી પણ નાણાકીય આવક વધે તો સર્જાય છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

ફુગાવાના લક્ષણો :
1) ભાવસપાટીમાં સતત વધારો થાય છે. 2) અર્થતંત્રનાં બધાં જ ક્ષેત્રોમાં ભાવ વધે છે. 3) નાણાંનું મૂલ્ય (ખરીદશક્તિ) ઘટતું જાય છે. 4) પૂર્ણ રોજગારીની સ્થિતિ પછી વધતી ભાવસપાટી ફુગાવો છે.

ફુગાવાનો પ્રકારો :		
(1) દાબેલા ફુગાવાનો અર્થ :	(2) ખર્ચપ્રેરિત ફુગાવાનો અર્થ :	(3) માંગ પ્રેરિત ફુગાવાનો અર્થ :
સરકારે કાયદા દ્વારા, સબસીડી દ્વારા ભાવસપાટી દબાવી રાખી હોય, તો ભાવ ન વધતા હોવા છતાં ફુગાવો છે. જેને દાબેલો ફુગાવો પણ કહે છે.	ખર્ચ વધવાના કારણે અમલી બનેલા ફુગાવાને ખર્ચપ્રેરિત ફુગાવો પણ કહે છે.	અર્થતંત્રમાં માંગ વધવાને કારણે જો ફુગાવો સર્જાય તો આવા ફુગાવાને માંગ પ્રેરિત ફુગાવો કહે છે.

ફુગાવાના કારણો :		
(1) માંગમાં વધારો :	(2) ખર્ચમાં વધારો :	(3) અન્ય કારણો :
▪ નાણાંના પુરવઠામાં વધારો ▪ સરકારના જાહેર ખર્ચમાં વધારો ▪ વસ્તીવધારો		▪ કરવેરાનીતિ ▪ આયાતી વસ્તુની કિંમતમાં વધારો ▪ અછત

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 4 : બેન્કિંગ અને નાણાકીય નીતિ :

બેન્ક શબ્દનો ઉદ્ભવ અને અર્થ :

- અંગ્રેજીમાં બેન્ક શબ્દનો અર્થ જથ્થો કે સમૂહ થાય છે. સંસ્કૃત ભાષામાં બેન્કને મળતો શબ્દ 'ભાંડ' છે. જેનો અર્થ મૂડીનો જથ્થો એમ થઈ શકે છે અને આ શબ્દ પરથી 'ભંડોળ' શબ્દ બન્યો છે.
- અંગ્રેજીમાં બેન્ક (bank) શબ્દ ફ્રાંસ અને ઈટાલીના શબ્દો 'Banca' અને 'Banque' પરથી ઊતરી આવ્યો છે. યુરોપમાં પ્રાચીન સમયમાં શરાફો ઢળતી પાટલી પર નાણાંની લેવડ-દેવડ અને જુદા-જુદા પ્રદેશોમાં નાણાંની ફેરબદલી કરતા હતા. આમ, પાટલી (bench) પર નાણાંના જથ્થાની ફેરબદલી થતી અને આમ 'બેન્ક' શબ્દ અંગ્રેજીમાં ઉપયોગ થવા લાગ્યો.
- વિશ્વની સૌપ્રથમ બેન્ક તરીકે સ્પેઈનમાં 1401માં સ્થપાયેલી 'બેન્ક ઓફ બાર્સિલોના' ગણાય છે.

બેન્કનો અર્થ :

- બેન્કિંગની સેવા આપતી સંસ્થા એટલે બેન્ક. એટલે કે, "માંગવામાં આવે એટલે નાણાં પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકત્રિત કરતી સંસ્થાને બેન્ક કહે છે."
- "બેન્ક એટલે નફાના હેતુથી કાર્ય કરતી એવી ધંધાકીય સંસ્થા જે પ્રજાની બચતોને થાપણો તરીકે સ્વીકારે, તેના બદલામાં વ્યાજ આપે, તે થાપણો સાચવે, વળી તે થાપણોમાંથી જે લોકોને જરૂર હોય તેમને ધિરાણ આપે અને ધિરાણ સામે વ્યાજ વસૂલ કરે તથા અતિરિક્ત નાણાંનું દેશના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં રોકાણ પણ કરે.".

વેપારી બેંકનો અર્થ :

- ભારતમાં 1949ની બેન્કિંગ કંપનીધારા મુજબ, "વેપારી બેન્ક એટલે એવી સંસ્થા જે બેન્કિંગ અંગેના વ્યવહારો કરે એટલે કે દેશમાં રોકાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે જે ગ્રાહકને જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચેક, ડ્રાફ્ટ, પે-ઓર્ડર વગેરે દ્વારા ઉપાડ થઈ શકે."
- બેન્કો નાણાંની હેરફેર કરીને નફો કમાવવા માટેનો ધંધો કરે છે તેથી જ તેમને વેપારી બેન્ક કહેવાય છે.

શિડ્યુલ બેન્કોનું વર્ગીકરણ :

(A) વેપારી બેંકો :	(B) સહકારી બેંકો :
1) જાહેર ક્ષેત્રની વેપારી બેંકો 2) ખાનગી ક્ષેત્રની વેપારી બેંકો 3) ભારતમાં કામ કરતી વેપારી બેંકો 4) પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBs)	

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

વેપારી બેંકના કાર્યો :	
(A) વેપારી બેન્કનાં મુખ્ય કાર્યો :	
1) થાપણો સ્વીકારવી	a) ચાલુ ખાતાની થાપણો b) બચત ખાતાની થાપણો – રીકરિંગ ખાતાની સગવડ c) મુદતી થાપણો (ફિક્સ ડિપૉઝિટ)
2) ધિરાણની સવલતો પૂરી પાડવી	
3) ચૂકવણી અને ઉપાડની સવલત પૂરી પાડવાની કામગીરી	
4) શાખસર્જનની કામગીરી	
5) આંતર બૅન્કિંગ વ્યવહારો કરવા	
(B) વેપારી બેન્કનાં ગૌણ કાર્યો :	
1) ગ્રાહકોના એજન્ટ તરીકે તથા ઉપયોગી સેવાઓ પૂરી પાડવાનું કાર્ય	
2) બદલાતા સમય સાથે આધુનિક સેવાઓ પૂરી પાડવાનું કાર્ય	

પ્રાથમિક થાપણોનો અર્થ :	ગ્રાહક દ્વારા બેન્કમાં થાપણોના સ્વરૂપે જમા કરાવેલ પ્રારંભિક બચતોને પ્રાથમિક થાપણ કહેવાય.
વ્યુત્પન્ન થાપણોનો અર્થ :	પ્રારંભિક થાપણોમાંથી સર્જાયેલી લોનનાં નાણાં બૅન્કમાં જમા કરાવવાથી ઉત્પન્ન થયેલી થાપણો એટલે વ્યુત્પન્ન થાપણો.
સરકારી જામીનગીરીનો અર્થ :	પ્રજા પાસેથી ધિરાણ પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા બજારમાં વેચવામાં આવતા બૉન્ડ જેને ચોક્કસ મુદત બાદ સરકાર પરત ખરીદી લે છે અને મુદત દરમિયાન વ્યાજ ચૂકવે છે તેવા બૉન્ડને સરળ ભાષામાં જામીનગીરી કહેવામાં આવે છે.
શાખ સર્જનનો અર્થ :	પ્રાથમિક થાપણોમાંથી ધિરાણ આપીને બૅન્કિંગ વ્યવસ્થામાં નવી થાપણો ઊભી કરીને નાણાંનો પુરવઠો વધારવાની નીતિવિષયક પ્રક્રિયા એટલે શાખસર્જન.
શાખ સર્જનનું સૂત્ર	શાખ સર્જનનું સૂત્ર = પ્રાથમિક થાપણ × $\frac{1}{\text{રોકડ અનામતનું પ્રમાણ}}$.
શિડ્યુલ બૅન્કનો અર્થ :	ભારતમાં રિઝર્વ બૅન્કની 1934ની ધારાની બીજી અનુસૂચિમાં પ્રવેશ પામેલી બૅન્કિંગ સંસ્થા (તે પ્રમાણે સ્થપાયેલી સંસ્થા) એટલે શિડ્યુલ બૅન્ક.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

મધ્યસ્થ બૅન્કનો અર્થ :

- ✓ ભારતની મધ્યસ્થ બૅન્ક રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના નામે ઓળખાય છે.
- ✓ 1934ના રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના ધારા મુજબ RBIની સ્થાપના 1 એપ્રિલ 1935માં થઈ હતી. ₹ 5 કરોડના ખાનગી મૂડીરોકાણથી RBI સ્થપાઈ હતી.
- ✓ 1 જાન્યુઆરી 1949માં RBI નું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.
- ✓ આર. પી. કેન્ટના શબ્દોમાં મધ્યસ્થ બૅન્ક એટલે, "એવી સંસ્થા કે જેને દેશના (પ્રજાના) સામાન્ય હિત માટે અર્થતંત્રમાં નાણાંના જથ્થાના (નાણાંના પ્રમાણના) વિસ્તરણ અને સંકોચનની જવાબદારી સોંપવામાં આવી હોય."
- ✓ મધ્યસ્થ બૅન્ક એટલે દેશની સર્વોચ્ચ બૅન્ક જેનાં મુખ્ય કાર્યોમાં નાણાબજાર અને બૅન્કિંગ ક્ષેત્રની મદદ, નિયંત્રણ અને પ્રોત્સાહન તથા દેશના આર્થિક હિત માટે નાણાકીય સ્થિરતા લાવવી વગેરેનો સમાવેશ થાય છે.

રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનાં કાર્યો :

(A) RBI નાં નાણાકીય કાર્યો :	(B) RBI નાં બિનનાણાકીય કાર્યો :
1) ચલણ બહાર પાડવાનું કાર્ય 2) સરકારની બૅન્કર તરીકેનું કાર્ય 3) બૅન્કોની બૅન્ક અને બૅન્કોના અંતિમ સહાયક તરીકેનું કાર્ય 4) શાખ નિયમનની કામગીરી 5) વિદેશી હૂંડિયામણની જાળવણીનું કાર્ય	1) નિયમન અને દેખરેખની કામગીરી 2) પ્રોત્સાહન કાર્યો 3) સમાવેશી વિકાસ માટેનાં કાર્યો

નાણાકીય નીતિનો અર્થ :

- ❖ દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ.
- ❖ નાણાકીય નીતિ એટલે અર્થતંત્રમાં નાણાંની માંગ અને નાણાંના પુરવઠાનું સંચાલન અને નિયંત્રણ કરવા અંગેની નીતિ.
- ❖ નાણાકીય નીતિને સ્થિરતા લાવવા માટેની નીતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

નાણાકીય નીતિની વ્યાખ્યાઓ :

- નાણાકીય સત્તા દ્વારા લેવાયેલાં એવાં સભાન પગલાં જે નાણાંના જથ્થા, ઉપલબ્ધી અને નાણાંના ખર્ચમાં પરિવર્તન લાવે.
- સામાન્ય આર્થિક નીતિના હેતુઓ સિદ્ધ કરવા માટે સર્વોચ્ચ બૅન્કના હસ્તક નાણાંના પુરવઠાને અંકુશિત કરવાનાં સાધનો સોંપતી નીતિ એટલે નાણાકીય નીતિ.
- દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને, પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

નાણાકીય નીતિનાં સાધનો :	
(A) પરિમાણાત્મક સાધનો :	પરિમાણાત્મક સાધનો સમગ્ર અર્થતંત્ર પર એકસરખી અસર પહોંચાડે છે. માટે આ સાધનોને સામાન્ય સાધનો પણ કહેવાય છે.
1) બૅન્ક રેટ :	જ્યારે વેપારી બૅન્કો નાણાંની અછત અનુભવે ત્યારે RBI પાસે નાણાં ઉધાર લે છે. RBI વેપારી બૅન્કોને લાંબા ગાળાનું ધિરાણ જે વ્યાજના દરે આપે તેને બૅન્ક રેટ કહેવાય.
2) રેપો રેટ અને રીવર્સ રેપો રેટ :	જ્યારે વેપારી બૅન્કોને ખૂબ ટૂંકા ગાળા માટે (1 દિવસ, 7 દિવસ, 15 દિવસ જેટલા ટૂંકા ગાળા માટે) નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ RBI પાસે નાણું લે છે. જે દરે RBI વેપારી બૅન્કોને આવું નાણું આપે તે રેપો રેટ કહેવાય. Repo રેટમાં Repo એટલે Repurchase Rate. જ્યારે RBI ને ટૂંકા ગાળાનું ધિરાણ જોઈએ ત્યારે તે વેપારી બૅન્કો પાસેથી ધિરાણ લે છે. આવા રેટને રીવર્સ રેપો રેટ કહે છે.
3) કપરા સમયમાં સ્થિરતા લાવવા માટેની જોગવાઈ :	
4) રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર (Cash Reserve Ratio – CRR) :	RBIની 1934ની ધારા મુજબ દરેક વેપારી બૅન્કોએ પોતાની થાપણોના અમુક ટકા જેટલી રકમ RBI પાસે રોકડ અનામત તરીકે રાખવાની હોય છે.
5) કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ :	'બેન્કિંગ રેગ્યુલેશન ઍક્ટ' મુજબ દરેક વેપારી બૅન્કે CRRથી જુદા અને તેથી ઉપરાંત પોતાની કુલ થાપણોના 25 % જેટલું મૂલ્ય નકદ, સૌનું, સરકારી જામીનગીરીઓ વગેરે સ્વરૂપે રાખવું જરૂરી છે જેને કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ કહે છે.
6) ખુલ્લાં બજારનાં કાર્યો (Open Market Operations-OMO) :	
7) RBI ના સરવૈયાને હૂંડિયામણના વધતા કે ઘટતા પ્રમાણના આંચકાઓથી મુક્ત કરવા માટે 'સ્ટરિલાઈઝેશન'ની નીતિ :	
(B) ગુણાત્મક સાધનો :	સામાન્ય સાધનોથી જુદા અને તે ઉપરાંત RBI કેટલાંક ચોક્કસ ક્ષેત્રોના વિકાસ માટે અથવા અલગ- અલગ ક્ષેત્રોને નિર્ધારિત અસર પહોંચાડવા માટે ગુણાત્મક સાધનોનો ઉપયોગ કરે છે. ગુણાત્મક સાધનો એટલે જરૂરી ક્ષેત્રો માટે જ તર્કપૂર્વક વપરાતાં સાધનો. આ સાધનો બધાં ક્ષેત્રોને એક્સરખી અસર પહોંચાડવા માટે હોતાં નથી.
1) સલામતીની જરૂરિયાત :	સામાન્ય પ્રજાને જ્યારે વેપારી બૅન્કો ધિરાણ આપે ત્યારે આ ધિરાણ પાછું આવે તેની ચોકસાઈ બૅન્કે રાખવી પડે છે. આથી બૅન્કો ધિરાણ લેનાર દરેક વ્યક્તિ પાસે તેમની કોઈ મિલકત જેવી કે ઘરેણાં, થાપણો, કાર, ઘર, જમીન વગેરે સલામતી/બાંહેધરી પેટે લખાવે છે.
2) માર્જિનની જરૂરિયાત :	સલામતી બાંહેધરી પેટે બતાવેલી મિલકતના અમુક જ ટકા અથવા માંગેલી લોનના અમુક જ ટકા જેટલી રકમનું ધિરાણ એકમને/વ્યક્તિને મળી શકે છે. આવી ટકાવારીને ધિરાણનું માર્જિન (margin) કહે છે.
3) ધિરાણની ટોચમર્યાદા :	કોઈ પણ એક વ્યક્તિને કે એકમને માટે ધિરાણની ટોચમર્યાદા RBI નક્કી કરે છે.
4) ભેદભાવયુક્ત/ભેદપારખું વ્યાજના દર :	અલગ-અલગ પ્રકારના વિરાણ માટે અલગ-અલગ વ્યાજના દર રાખવાની પદ્ધતિ RBI સૂચવે છે. જેને ભેદપારખું ભેદભાવયુક્ત વ્યાજના દરની નીતિ કહે છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 5 : ગરીબી

ગરીબીનો અર્થ :

- સમાજનો એક મોટો વર્ગ પોતાની પાયાની લઘુતમ જીવન જરૂરિયાતોને સંતોષી શકતો નથી. તે પરિસ્થિતિને ગરીબી કહેવાય.
- ગરીબીના આવક અભિગમ મુજબ જીવનજરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓને ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટી એટલે ગરીબી રેખા. ગરીબી રેખા દ્વારા નક્કી થયેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટીથી ઓછી આવક ધરાવનાર કે ખર્ચ કરનાર વર્ગ ગરીબ કહેવાય.

ગરીબીનું સ્વરૂપ/ પ્રકારો :

(1) નિરપેક્ષ ગરીબી :	(2) સાપેક્ષ ગરીબી :
જીવનની લઘુતમ જરૂરિયાતો સંતોષવા માટે જરૂરી ચીજવસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે નક્કી કરવામાં આવેલ આવક કે ખર્ચની લઘુતમ સપાટી એટલે ગરીબી રેખા. આ ગરીબીરેખાથી ઓછી આવક કે ખર્ચ ધરાવતો વર્ગ નિરપેક્ષ ગરીબ કહેવાય. નિરપેક્ષ ગરીબી સંપૂર્ણ ગરીબી તરીકે પણ ઓળખાય છે.	સાપેક્ષ ગરીબીના ખ્યાલમાં સમાજમાં વસતા જુદા-જુદા વર્ગો વચ્ચે થતી આવકની અસમાન વહેંચણીને ધ્યાનમાં લેવામાં આવે છે. સામાન્ય રીતે દરેક અર્થતંત્રમાં આવકની વહેંચણીમાં અસમાનતા જોવા મળે છે ત્યારે ઓછી આવકવાળો વર્ગ વધુ આવકવાળા વર્ગની તુલનાએ સાપેક્ષ ગરીબ કહેવાય છે. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચ દ્વારા ગ્રામ્યક્ષેત્રો માટે વ્યક્તિ દીઠ દૈનિક 2400 કેલરી અને શહેરીક્ષેત્રો માટે દૈનિક 2100 કેલરી નક્કી કરવામાં આવી હતી.

ગરીબીના નિર્દેશકો :

- ગરીબીની કક્ષા અને તેનું બંધારણ દર્શાવતી બાબતોને ગરીબીના નિર્દેશકો કહે છે. દેશમાં ગરીબીને દર્શાવતાં વિવિધ પરિબળોને ગરીબીના નિર્દેશક તરીકે ઓળખવામાં આવે છે.

1) માથાદીઠ ઘરગથ્થુ વપરાશી ખર્ચ	7) રહેઠાણ
2) કુપોષણનું પ્રમાણ	8) વીજળીની વપરાશ
3) અપેક્ષિત આયુષ્ય અને બાળમૃત્યુ-દર	9) શિક્ષણ
4) તબીબી સગવડો	10)આવક અને સંપત્તિની અસમાન વહેંચણી
5) પીવાનું પાણી	11) બેરોજગારીનો ઊંચો દર
6) શૌચાલયની સુવિધા	

IRDP		સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ
TRYSEM		સ્વરોજગાર માટે ગ્રામીણ યુવાનોને તાલીમ
DWCRA		ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રીઓ અને બાળકોનો વિકાસનો કાર્યક્રમ

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

ગરીબીના કારણો :	
(1) ઐતિહાસિક કારણો :	
(2) ગ્રામીણ ગરીબીનાં કારણો :	(A) કુદરતી પરિબળો. (B) વસ્તીવિષયક પરિબળો
(3) આર્થિક કારણો :	a) શ્રમિક દીઠ નીચી ખેત-ઉત્પાદકતા b) જમીન તથા સંપત્તિની અસમાન વહેંચણી c) નાના અને ગૃહઉદ્યોગોનો અલ્પવિકાસ d) ઝડપથી વધતા ભાવો e) બેરોજગારીનું ઊંચું પ્રમાણ
(4) સામાજિક કારણો :	(A) શિક્ષણનું નીચું સ્તર. (B) લૈંગિક અસમાનતા
(5) અન્ય કારણો :	(A) યુદ્ધ. (B) સંરક્ષણ-ખર્ચમાં વધાર. (C) ખામીયુક્ત નીતિઓ.

ગરીબી ઘટાડવાના ઉપાયો :	
1) ખેતીક્ષેત્રે શ્રમિકોની ઉત્પાદકતા વધારવી	1) વ્યાજબી કિંમતે વસ્તુઓ અને સેવાઓ
2) નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ	2) રોજગારલક્ષી કાર્યક્રમો
3) અસંગઠિત ક્ષેત્રનો વિકાસ	3) આવાસ યોજનાઓ
4) યોગ્ય કરનીતિનો ઉપયોગ	4) સામાજિક સલામતીની યોજનાઓ
5) માનવ મૂડીરોકાણમાં વધારો	5) જનધન યોજના

રોજગારલક્ષી કાર્યક્રમો	
A. સ્વરોજગારી માટેના કાર્યક્રમો ✓ IRDP (સંકલિત ગ્રામવિકાસ કાર્યક્રમ) ✓ TRYSEM (સ્વરોજગાર માટે ગ્રામીણ યુવાનોને તાલીમ) ✓ DWCRA (ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રીઓ અને બાળકોનો વિકાસનો કાર્યક્રમ) ✓ (MSW) 10 લાખ કુવાઓની યોજના ✓ SITRA (ગ્રામીણ કારીગરો માટે સુધારેલી ટુલકિટ પૂરી પાડવી.) ✓ ગંગા કલ્યાણ યોજના	B. વેતન રોજગારી કાર્યક્રમો C. પ્રધાનમંત્રી રોજગાર યોજના (PMRY) D. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન(2005) (NREGA)

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 6 : બેરોજગારી

બેરોજગારીનો અર્થ :

- ✓ સામાન્ય રીતે બેરોજગારી એટલે કામ કરી શકે તેવી વ્યક્તિની કામ વગરની સ્થિતિ.
- ✓ પિગુના મતે બેરોજગારી એટલે "કોઈ વ્યક્તિ માત્ર ત્યારે જ બેકાર કહેવાય છે કે જ્યારે તેની કામ કરવાની ઇચ્છા હોવા છતાં કામ મળતું નથી."
- ✓ બેરોજગારી એટલે "પ્રવર્તમાન વેતન-દરે વ્યક્તિની કામ કરવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં તેને કામ ન મળે ત્યારે તે વ્યક્તિ બેરોજગાર છે તેમ કહેવાય."
- ✓ પ્રવર્તમાન વેતન-દરે વ્યક્તિની કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી હોવા છતાં તેને કામ વગર રહેવું પડે ત્યારે આવી બેરોજગારીને "અનૈચ્છિક બેરોજગારી" કે ફરજિયાત સ્વરૂપની બેરોજગારી" કહેવાય છે.

બેરોજગારીનું સ્વરૂપ કે પ્રકારો જાણવા માટે શ્રી રાજકૃષ્ણ સમિતિ રિપોર્ટ 2011-12 એ નીચેના ચાર માપદંડો રજૂ કર્યા છે :

(1) સમય	(4) આવક	(3) સંમતિ	(4) ઉત્પાદકતા

બેરોજગારીના પ્રકારો :

(1) સંપૂર્ણ બેરોજગારી :	જે વ્યક્તિઓ પ્રવર્તમાન વેતનના દરે રોજગારી મેળવવા માંગે છે અને જરૂરી લાયકાત પણ ધરાવે છે, પરંતુ તેમને બિલકુલ રોજગારી ના મળતી હોય તો તેઓ સંપૂર્ણ બેરોજગાર કે ખુલ્લા બેરોજગાર કહેવાય.
(2) અર્ધબેરોજગારી :	શ્રમિકો તેમની શક્તિનો પૂરો ઉપયોગ કરી શકતા ન હોય એટલે કે ઓછા સમય માટે કે લાયકાત કરતા ઓછી લાયકાતવાળું કાર્ય સ્વીકારવું પડે તેને અર્ધબેરોજગાર કહેવાય.
(3) પ્રચ્છન્ન બેરોજગારી :	પ્રચ્છન્ન બેરોજગારી એટલે છૂપી બેરોજગારી. કોઈ એક વ્યવસાયમાં પ્રવર્તમાન ટેક્નોલૉજીના સંદર્ભમાં જરૂરી હોય તેના કરતા વધુ શ્રમિકો રોકાયેલા હોય. આવા વધારાના શ્રમિકોને આ ક્ષેત્રમાંથી ખસેડી લેવામાં આવે તોપણ કુલ ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન થતો હોય, તો તેઓ પ્રચ્છન્ન બેરોજગાર કહેવાય છે.
(4) ચક્રીય બેરોજગારી :	અહીં મંદી બેરોજગારીનું કારણ બને છે. તેથી આ બેરોજગારીને ચક્રીય બેરોજગારી કે મંદીજન્ય બેરોજગારી કે વ્યાપાર ચક્રીય બેરોજગારી તરીકે ઓળખવામાં આવે છે.
(5) ઘર્ષણજન્ય બેરોજગારી :	જ્યારે ઉત્પાદન પદ્ધતિમાં, ચીજવસ્તુની માંગમાં કે ચીજવસ્તુના ઉત્પાદનમાં ફેરફાર થવાથી કે શોધખોળ અને નવી ટેક્નોલૉજીને કારણે બજારમાં નવી વસ્તુ પ્રવેશવાથી જો બેરોજગારી સર્જાય તો આવી બેરોજગારીને ઘર્ષણજન્ય બેરોજગારી તરીકે ઓળખવામાં આવે છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

બેરોજગારી ઉદ્ભવવાનાં કારણો :	
1) વસ્તીવૃદ્ધિનો ઊંચો દર	6) માનવશક્તિના આયોજનનો અભાવ
2) રોજગારીની તકોમાં ધીમો વધારો	7) જાહેર ક્ષેત્રની બિનકાર્યક્ષમતા
3) બચત અને મૂડીરોકાણનો નીચો દર	8) કૃષિક્ષેત્રના વિકાસની અવગણના
4) મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ	9) શ્રમની ઓછી ગતિશીલતા
5) વ્યાવસાયિક શિક્ષણનું નીચું પ્રમાણ	10)અપૂરતી માળખાકીય સુવિધા

બેરોજગારી ઘટાડવાના ઉપાયો :	
1) વસ્તી-નિયંત્રણ	5) ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ
2) આર્થિક વિકાસનો દર ઊંચો લઈ જવો	6) આંતર માળખાકીય સેવાનો વિસ્તાર
3) રોજગારલક્ષી આયોજન	7) કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિનો વેગ અને વિસ્તાર
4) રોજગારીલક્ષી શિક્ષણ	

બેરોજગારીની સમસ્યા હલ કરવા માટે રાજ્યની યોજનાઓ :
1) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારો (MGNREGA)
2) પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના (PDUSJY)
3) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના (DUGJY)
4) દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (DUGKY)
5) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 7 : વસ્તી

વસ્તીવધારાનાં કારણો :

(A) ઊંચા જન્મ-દર માટેનાં કારણો :

(1) સામાજિક પરિબળો :	(2) આર્થિક પરિબળો :	(3) અન્ય કારણો :
➢ સાર્વત્રિક લગ્નપ્રથા ➢ નાની ઉંમરે લગ્ન અને વિધવા પુનઃલગ્ન ➢ પુત્રપ્રાપ્તિની ઘેલછા ➢ સંયુક્ત કુટુંબપ્રથા	➢ શિક્ષણનું નીચું પ્રમાણ ➢ આવકની નીચી સપાટી ➢ બાળમૃત્યુ-દરનું ઊંચું પ્રમાણ	➢ ઊંચો પ્રજનન-દર ➢ કુટુંબનિયોજન અંગેની માહિતીનો અભાવ

(B) નીચા મૃત્યુ-દરનાં કારણો :

➢ જીવનધોરણમાં સુધારો ➢ રોગચાળા પર નિયંત્રણ ➢ દુષ્કાળ પર અંકુશ	➢ કુદરતી આપત્તિઓ સામે રક્ષણ અને વાહનવ્યવહારની સગવડો

વસ્તી-નિયંત્રણના ઉપાયો :

1) લોકશિક્ષણ અને જાગૃતિ 2) કુટુંબનિયોજન કાર્યક્રમની અસરકારકતા 3) મહિલાઓની લગ્નવય અને દરજ્જામાં વધારો	4) પ્રોત્સાહનો અને બિનપ્રોત્સાહનો 5) તબીબી સેવાઓનો વ્યાપ અને અસરકારકતામાં વધારો

વસ્તી-વિસ્ફોટ :	ભારતમાં મૃત્યુ-દર ઝડપથી ઘટવાની સામે જન્મ-દર ઝડપથી ન ઘટવાથી ચોખ્ખો વસ્તી વધારો ઊંચા દરે થયો જેને વસ્તી-વિસ્ફોટ કહેવામાં આવે છે. વધુ વસ્તી અને વસ્તીવૃદ્ધિના ઊંચા દરને કારણે વસ્તીમાં, ખાસ કરીને 1970 પછી જે ઝડપી વધારો થયો જેને 'વસ્તી-વિસ્ફોટ' તરીકે ઓળખવામાં આવે છે.
વસ્તીનાં વલણો :	વસ્તીનાં વલણો એટલે વસ્તીનું કદ, વસ્તીવૃદ્ધિ-દર, જન્મ-દર, મૃત્યુ- દર, શહેરી વસ્તી, ગ્રામીણ વસ્તી તેમજ સ્ત્રી-પુરુષના પ્રમાણને લગતી આંકડાકીય માહિતી મેળવી તેનું અર્થઘટન કરવું.
વસ્તીનું કદ :	વસ્તીનું કદ એટલે જુદાં-જુદાં વર્ષો દરમિયાન દેશની કુલ વસ્તી વસ્તીનું કદ અથવા તો પ્રમાણને વસ્તીનું કદ કહે છે.
સ્ત્રી-પુરુષનું પ્રમાણ :	કુલ વસ્તીમાં જુદાં-જુદાં વર્ષો દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા કેટલી છે તે પ્રમાણને સ્ત્રી-પુરુષનું પ્રમાણ કહે છે.
જાતિ-પ્રમાણ અથવા લિંગ-પ્રમાણ :	દેશની વસ્તીમાં પ્રતિ 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યાને જાતિ-પ્રમાણ અથવા લિંગ-પ્રમાણ કહે છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

વસ્તીની વયજૂથ અનુસાર વહેંચણી :	વસ્તીની વય-જૂથ અનુસાર વહેંચણી એટલે દેશની કુલ વસ્તીનું વિવિધ વય-જૂથોમાં વિભાજન. દા.ત., 0-14, 15-64, 65 અને વધુ વર્ષની વયની વ્યક્તિઓનું કુલ વસ્તીમાં પ્રમાણ.
ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ :	દેશની કુલ વસ્તીમાં કેટલા લોકો ગ્રામીણ વિસ્તારમાં અને કેટલા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. તેની માહિતી ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણ દ્વારા જાણવા મળે છે.
જન્મ-દર :	વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ જન્મતાં બાળકોની સંખ્યાને જન્મ-દર કહે છે.
જન્મ દરનું સૂત્ર :	જન્મ-દર = $\frac{\text{વર્ષ દરમિયાન જીવતાં જન્મેલાં બાળકોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$
મૃત્યુ-દર :	વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યાને મૃત્યુ-દર કહે છે.
મૃત્યુ દરનું સૂત્ર :	મૃત્યુ-દર = $\frac{\text{એક વર્ષ દરમિયાન મૃત્યુ પામતા માણસોની સંખ્યા}}{\text{કુલ વસ્તી}} \times 1000$
બાળમૃત્યુ-દર :	વર્ષ દરમિયાન જીવતાં જન્મેલાં દર હજાર બાળકોમાં એક વર્ષનું આયુષ્ય પૂરું કર્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યાને બાળ મૃત્યુ-દર કહે છે.
કુટુંબનિયોજન :	કુટુંબનિયોજન એટલે આયોજિત માતૃત્વ અને પિતૃત્વ દ્વારા કુટુંબને સમજપૂર્વક મર્યાદિત રાખવું તેમજ બે બાળકો વચ્ચે યોગ્ય સમયમર્યાદા નક્કી કરવી.
ઊંચો પ્રજનન-દર :	વર્ષ દરમિયાન 15થી 49 વર્ષની વય ધરાવતી દર 1000 સ્ત્રીઓની કુખે જીવતાં જન્મેલાં બાળકોની સંખ્યાને પ્રજનનનો દર કહે છે.
વસ્તીનીતિ :	વસ્તીવૃદ્ધિના દરને ઇચ્છનીય સપાટી પર લઈ જવા માટે સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાંને વસ્તીનીતિ કહે છે.
મહાન વિભાજક વર્ષ:	1921ના વર્ષને બાદ કરતા પછીના દરેક વર્ષોમાં ભારતમાં વસ્તીવૃદ્ધિનો દર ઊંચો રહેવા પામ્યો હતો. આથી વસ્તીવધારાની દ્રષ્ટિએ 1921ના વર્ષને 'મહાન વિભાજક વર્ષ' તરીકે ઓળખવામાં આવે છે. 1921 પછીના દરેક દશકમાં વસ્તીવૃદ્ધિ-દરનો દર ઊંચો જોવા મળે છે.
કામ કરતી વસ્તી :	દેશની કુલ વસ્તીમાંથી કામ કરતી વસ્તીને કામ કરતી વસ્તી કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો દેશની ઉત્પાદન-પ્રવૃત્તિમાં જે વસ્તી પોતાનો સહયોગ આપે છે. દા.ત., 15 થી 64 વર્ષની વય ધરાવતા લોકો કામ કરતી વસ્તીમાં સમાવેશ થાય છે.
કામ ન કરતી વસ્તી:	દેશમાં થતી ઉત્પાદન-પ્રવૃત્તિમાં જેમનો કોઈ હિસ્સો નથી તેવી વસ્તીને કામ ન કરતી વસ્તી કહે છે. દા.ત., મહિલાઓ, બાળકો અને વૃદ્ધોનો સમાવેશ થાય છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 8 : કૃષિક્ષેત્ર

ભારતમાં કૃષિક્ષેત્રની વર્તમાન સ્થિતિ /મહત્ત્વ :	
1) રાષ્ટ્રીય આવકમાં ફાળો 2) રોજગારી 3) નિકાસ-આવક	4) જીવનધોરણ 5) કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ 6) ઔદ્યોગિક વિકાસનો પાયો

નીચી ખેત-ઉત્પાદકતાનાં કારણો :		
(1) સંસ્થાકીય પરિબળો :	(2) ટેક્નોલૉજિકલ પરિબળો :	(3) અન્ય પરિબળો :
○ જમીન મહેસૂલ ઉઘરાવવાની પ્રથા ○ ખેત-ધિરાણ ○ કૃષિ પેદાશોની વેચાણ-વ્યવસ્થા ○ ગ્રામીણ સમાજ-વ્યવસ્થા	○ પરંપરાગત ઉત્પાદન પદ્ધતિ ○ ખેતીનાં જૂનાં સાધનો ○ જૂનવાણી વિચારધારાઓ ○ પરંપરાગત બિયારણો	○ વસ્તીનું ભારણ ○ આર્થિક આયોજનનો અભાવ

ખેત-ઉત્પાદકતા વધારવાના ઉપાયો :		
(1) સંસ્થાકીય સુધારાઓ :	(2) ટેક્નોલોજિકલ સુધારાઓ :	(3) અન્ય ઉપયો :
= જમીનવિષયક સુધારાઓ = સંસ્થાકીય ધિરાણની પ્રાપ્તિ = કૃષિપેદાશની વેચાણ-વ્યવસ્થામાં સુધારો = કૃષિ-સંશોધનો	= સુધારેલાં બિયારણો = રાસાયણિક ખાતરનો વપરાશ = સિંચાઈની સગવડમાં વધારો = યંત્રોનો ઉપયોગ = જંતુનાશક દવાઓ = ભૂમિ-પરીક્ષણ	= ખેડૂતોને શિક્ષિત કરવા = કૃષિમેળા = ખેતી સંલગ્ન પ્રવૃત્તિ = વ્યાપક સંશોધનો = પાયાના ઉદ્યોગોનો વ્યાપ વધારવો

આધુનિક ખેતી :

- વર્ષ 1966થી ભારતમાં આધુનિક ખેતીનો જન્મ થયો.
- આધુનિક ખેતીમાં આધુનિક ટેક્નોલૉજી જેમ કે હાઇબ્રિડ બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, ખેતી માટેનાં નવાં યંત્રો, સિંચાઈ પદ્ધતિઓ વગેરેનો ઉપયોગ થયો.
- જેના કારણે ખેત-ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારો થયો જેને એક પ્રકારની ક્રાંતિ ગણવામાં આવી. આ ક્રાંતિ ખેતીક્ષેત્રમાં થયેલ હોવાથી તેને 'હરિયાળી ક્રાંતિ' ના નામે ઓળખવામાં આવી.

હરિયાળી ક્રાંતિ :

સિંચાઈ, ખાતર, બિયારણ, જંતુનાશક દવા, યંત્રો દ્વારા ખેતીક્ષેત્રે ટેક્નોલૉજિકલ વિકાસની જે હરણફાળ ભરવામાં આવી તે હરિયાળી ક્રાંતિ છે. બીજા શબ્દોમાં ખેતીક્ષેત્રે ટેક્નોલૉજિકલ વિકાસ દ્વારા ટૂંકા ગાળામાં જે ઝડપી ઉત્પાદન-વૃદ્ધિ થઈ તે હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખાય છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

<u>હરિયાળી ક્રાંતિ :</u>
➢ વર્ષ 1960-61માં ખેતીક્ષેત્રની નવી ટેક્નોલૉજીનો ઉપયોગ ભારતના માત્ર સાત જિલ્લાઓમાં 'પાઈલટ પ્રોજેક્ટ' રૂપે કરવામાં આવ્યો હતો. ➢ શરૂઆતમાં IADP (Intensive Agricultural District Program) એટલે કે જિલ્લાઓ માટેનો 'સઘન ખેતીનો કાર્યક્રમ' સ્વરૂપે ઓળખાયો. સમય જતાં તેની અદ્વિતીય સફળતાને કારણે તે આખા દેશ પર લાગુ પાડવામાં આવ્યો ત્યારે તેને HYVP (High Yielding Varities Program) એટલે કે "ઊંચી ઉત્પાદકતા આપતી જાતોનો કાર્યક્રમ' નામથી ઓળખાયો. જેને 'હરિયાળી ક્રાંતિ' ના નામથી પણ ઓળખવામાં આવે છે. ➢ આ ઉપરાંત તેને 'આધુનિક ખેત ટેક્નોલૉજીનો કાર્યક્રમ' અથવા 'બિયારણ ખાતર અને પાણીની ટેક્નોલૉજીનો કાર્યક્રમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

<u>પાકના પ્રકારના પ્રકારો :</u>	
(1) અનાજનો પાક :	અનાજના પાકમાં ઘઉં, ચોખા, બરછટ અનાજ (બાજરી, જુવાર, મકાઈ વગેરે) અને કઠોળનો સમાવેશ થાય છે.
(2) અનાજેત્તર પાક / રોકડિયા પાક :	મુખ્યત્વે ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વપરાતા પાકને રોકડિયો પાક કહે છે. જે સામાન્ય રીતે બિનધાન્ય પાક છે. રોકડિયા પાકમાં વિવિધ તેલીબિયાં (મગફળી, તલ, એરંડો, સોયાબીન, અળસી, સૂર્યમુખી વગેરે) ઉપરાંત શેરડી, રબર, કપાસ, શણ વગેરેનો સમાવેશ થાય છે.

<u>પાકની ફેરબદલી માટેનાં મુખ્ય કારણો :</u>	
(1) ટેક્નોલૉજિકલ પરિબળો :	(2) આર્થિક પરિબળો :
➢ કોઈ એક વિસ્તારમાં પાકની ફેરબદલી એ જમીન, આબોહવા, વરસાદ વગેરે બાબતો પર આધાર રાખે છે. ➢ દા.ત., મધ્યપ્રદેશમાં વર્ષો સુધી બાજરીનો પાક લીધા બાદ ચોખાનો પાક લેવામાં આવે છે.	➢ કિંમત અને આવક મહત્તમ બનાવવી ➢ ખેતીજન્ય સાધનોની ઉપલબ્ધતા ➢ ખેતરનું કદ ➢ વીમા-રક્ષણ ➢ મુદત (જમીન માલિક પાસેથી મળેલ જમીનની મુદત)

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 9 : વિદેશવેપાર

વેપાર :	વેપાર એટલે એવી ધંધાકીય વ્યાવસાયિક પ્રવૃત્તિ જેમાં વસ્તુઓ, સેવાઓ, મૂડી, ટેક્નોલૉજી, ટેકનિકલ જાણકારી, માહિતી, નવીન જ્ઞાન વગેરેનો નફા માટે વિનિમય થાય છે.
આંતરિક વેપાર :	કોઈ એક દેશની હદની અંદર થતી વેપાર-પ્રવૃત્તિને આંતરિક વેપાર કહે છે.
વિદેશવેપાર :	દેશની હદની બહાર થતી વેપાર પ્રવૃત્તિને વિદેશવેપાર કે આંતરરાષ્ટ્રીય વેપાર કહેવાય છે.
વેપાર તુલા :	વર્ષ દરમિયાન કોઈ દેશના વિદેશો સાથેની આપ-લેના હિસાબી સરવૈયામાં ભૌતિક વસ્તુઓની આયાત અને નિકાસના મૂલ્યની તુલા.
પરંપરાગત નિકાસો :	દેશમાં સ્વતંત્રતા પહેલાં અને પછીનાં ઘણાં વર્ષો સુધી જે વસ્તુઓની નિકાસોનું પ્રમાણ વધુ રહ્યું હોય અને દેશની પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓની નિકાસોને પરંપરાગત નિકાસો તરીકે ઓળખાય છે.
વિકાસલક્ષી આયાતો :	દેશમાં વિકાસની પ્રક્રિયા વધારવા માટે ઓછા વિકસિત દેશો અને વિકાસશીલ દેશો દ્વારા થતી મૂડી, ટેક્નોલૉજી વગેરેની આયાતો એટલે વિકાસલક્ષી આયાતો.
નિભાવ માટેની આયાતો :	વિકાસશીલ દેશોમાં હાથ ધરાયેલી વિકાસ અને ઔદ્યોગિકીકરણની પ્રવૃત્તિને ટકાવી રાખવા અને નિભાવવા માટેની આયાતો જેવી કે, સ્પેરપાર્ટ્સ, ટેકનિકલ સલાહ અને જાણકારી, વચગાળાની વસ્તુઓ, પેટ્રોલ, ઊર્જા વગેરેની આયાતો એટલે નિભાવ માટેની આયાતો.

વિદેશવેપાર માટેનાં કારણો :

1) દેશોમાં ઉપલબ્ધ ઉત્પાદનનાં સાધનોમાં તફાવત	3) ટેક્નોલૉજિકલ પ્રગતિ
2) ઉત્પાદન-ખર્ચ	4) શ્રમવિભાજન અને વિશિષ્ટીકરણ

વિદેશવેપારના સ્વરૂપને અસર કરતી બાબતો :

1) વિદેશવેપારમાં સાધનોની ભૌગોલિક તથા વ્યાવસાયિક ગતિશીલતા ઓછી હોય છે.
2) વિવિધતા ધરાવતી ચીજવસ્તુઓનો વેપાર
3) પડકારજનક સ્વરૂપ
4) રાજનયિક પ્રયત્નો
5) વિવિધ ચલણોના ભાવ અને તેમના મૂલ્ય અંગેની અટકળો
6) વિવિધ રાષ્ટ્રો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના સંયુક્ત પ્રયાસો
7) રાજકીય અને સામાજિક વિચારધારાઓની અસર
8) અત્યંત મોટા પાયાનો વેપાર
9) વધુ પ્રમાણમાં કરવેરા અને પરવાનગીઓ
10) હરીફાઈ અને જોખમની ઊંચી માત્રા

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

આંતરિક અને વિદેશવેપાર વચ્ચેનો તફાવત :	
1) કદના આધારે તફાવત 2) વિવિધ ચલણો અને ચૂકવણીની પદ્ધતિઓ 3) ભાષા, સંસ્કૃતિ અને સમાજ અંગેના તફાવતો 4) વાહન-વ્યવહાર ખર્ચનો તફાવત	5) હરીફાઈના પ્રમાણમાં તફાવત 6) ગ્રાહકને સંતોષવા અંગેનો તફાવત 7) વહીવટી અને કાયદાકીય વ્યવસ્થામાં તફાવત

લેણદેણની તુલાનો ખ્યાલ :

- લેણદેણની તુલા એટલે કોઈ એક દેશના અન્ય દેશો સાથેના વેપારના મૂલ્યનું સરવૈયું જેમાં વસ્તુઓ તથા સેવાઓના વેપારનું મૂલ્ય, સાધનોની હેરફેરનું ખર્ચ અને મૂડીવેપારના મૂલ્યની નોંધણી થાય છે.
- વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દશ્ય) અને અભૌતિક (અદૃશ્ય) આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણદેણની તુલા.

લેણદેણની તુલાના પ્રકારો :	
(1) સમતોલ	સમતોલ તુલામાં જમા અને ઉધારબાજુના સરવાળા સમાન હોય છે.
(2) અસમતોલ	અસમતોલ તુલામાં જમા અને ઉધારબાજુના સરવાળા સરખા હોતા નથી.
(A) પુરાંત વાળી લેણદેણ તુલા :	જયારે જમાબાજુનો સરવાળો ઉધારભાજુના સરવાળા કરતા વધુ હોય તો છે એમ કહેવાય.
(B) ખાધ લેણદેણની તુલા :	જ્યારે ઉધારબાજુનો સરવાળો જમાબાજુના સરવાળા કરતાં વધુ હોય, તો છે એમ કહેવાય.

લેણદેણની તુલાનાં ખાતાઓ :	
(1) ચાલુ ખાતું :	(2) મૂડી ખાતું

લેણદેણની તુલાને અસર કરતાં પરિબળો :

1) હુંડિયામણનો દર
2) વેપાર થતી વસ્તુઓ અને સેવાઓની પોતાના દેશમાં તથા વિદેશોમાં કિંમત
3) વેપાર થતી વસ્તુઓની વિવિધતા અને ગુણવત્તા
4) અનિવાર્ય આયાતો
5) દેશના આર્થિક વિકાસનું સ્તર
6) વેપાર પર રાજકીય અને કાયદાકીય અંકુશો
7) વેપારને આધાર આપતી સવલતો જેમ કે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, અન્ય આંતર માળખાકીય સુવિધાઓ વગેરે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

હુંડિયામણના દરનો ખ્યાલ :

- પ્રવાસીઓ કે વેપારીઓ બેંકો પાસે અથવા ચલણના કાયદામાન્ય વેપારીઓ પાસે જઈને પોતાના દેશની ચલણને અન્ય ચલણમાં રૂપાંતર કરાવે છે. આ પ્રકારનું રૂપાંતર જે-તે સમયે પ્રવર્તતા કોઈ ચોક્કસ દરે થાય છે. આવા દરને હુંડિયામણનો દર કહેવાય.
- જે દરે એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં રૂપાંતર કરી શકાય તે દર એટલે હૂંડિયામણનો દર.
- એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે હૂંડિયામણનો દર.
- કોઈ એક દેશ માટે હુંડિયામણનો દર એટલે વિદેશી ચલણના એક એકમની પોતાના દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે કે વિદેશી ચલણનું એક એકમ ખરીદવા માટે પોતાના દેશના ચલણના જેટલા એકમો ચૂકવવા પડે તે કિંમત.
- દાખલા તરીકે, US $ 1 = ₹ 60ના હૂંડિયામણ દરનો અર્થ એવો થાય કે US $ 1 ખરીદવા માટે ભારતીય નાગરિકે ₹ 60 ચૂકવવા પડે છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 10 : ઉદ્યોગક્ષેત્ર

ઔદ્યોગિક ક્ષેત્રનું મહત્ત્વ :	
1) રાષ્ટ્રીય આવકમાં ફાળો 2) રોજગારી 3) નિકાસઆવક 4) અર્થતંત્રનો સમતોલ વિકાસ	5) ખેતીનું આધુનિકીકરણ 6) અર્થતંત્રનું મજબૂત માળખું 7) સામાજિક માળખામાં ફેરફાર

મૂડીરોકાણના કદના આધારે ઉદ્યોગોના પ્રકાર :	
ગૃહઉદ્યોગ :	મુખ્યત્વે કુટુંબના સભ્યો અને સાદાં ઓજારો વડે વીજળી, યંત્રોના ઉપયોગ વગર નહિવત્ મૂડીરોકાણ વડે ચાલતા ઉદ્યોગને ગૃહઉદ્યોગ કહે છે. ઉદાહરણ : ખાદી, પાપડ, ખાખરા, અગરબત્તી વગેરેના ઉદ્યોગો
ટચૂકડા ઉદ્યોગો :	આ પ્રકારના ઉદ્યોગો સંપૂર્ણ શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ દ્વારા કુલ ₹ 25 લાખની મૂડીરોકાણ મર્યાદામાં ચાલતા ઉદ્યોગો છે. ઉદાહરણ : ધાતુ, ચામડું, માટી વગેરેના ઉપયોગ વડે કલાત્મક ચીજવસ્તુઓ બનાવવાના ઉદ્યોગો
નાના પાયાના ઉદ્યોગો :	જે ઉદ્યોગોમાં ₹ 25 લાખથી વધુ અને ₹ 5 કરોડથી ઓછું મૂડીરોકાણ કરવામાં આવ્યું હોય, માત્ર શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતું હોય અને મોટા ઉદ્યોગોને સહાયક હોય તેવા ઉદ્યોગો નાના પાયાના ઉદ્યોગો કહેવાય છે. ઉદાહરણ : ઓજારો, વાહનોનું સમારકામ, વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગો
મધ્યમ પાયાના ઉદ્યોગો :	જો ઉદ્યોગોમાં ₹ 5 કરોડથી વધુ અને ₹ 10 કરોડથી ઓછી એવી મૂડી રોકવામાં આવી હોય, જે શ્રમપ્રધાન અથવા મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરતો હોય તેવા ઉદ્યોગોને મધ્યમ પાયાના ઉદ્યોગો કહે છે. ઉદાહરણ : યંત્રો, રસાયણો, ઇલેક્ટ્રોનિક સાધનો વગેરેના ઉદ્યોગો
મોટા પાયાના ઉદ્યોગો :	જે ઉદ્યોગમાં ₹ 10 કરોડથી વધુ મૂડીનો ઉપયોગ થયો હોય અને જે માત્ર મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિનો વધુ ઉપયોગ કરતા હોય તેવા ઉદ્યોગોને મોટા પાયાના ઉદ્યોગો કહે છે. ઉદાહરણ : રેલવેનાં સાધનો, મોટાં વાહનો, લોખંડ વગેરેના ઉદ્યોગો

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

માલિકીના આધારે ઉદ્યોગોના પ્રકારો :	
(1) જાહેર ક્ષેત્રના ઉદ્યોગો :	જ્યારે ઉત્પાદિત એકમની માલિકી અને સંચાલન સરકાર હસ્તક હોય છે ત્યારે તે જાહેર ક્ષેત્રનું એકમ ગણાય છે. ઉદાહરણ : રેલવે, ટેલિફોન, ટપાલ વગેરે સરકારની માલિકીના ઉદ્યોગો છે,
(A) ખાતાકીય ઉદ્યોગો :	જ્યારે સરકાર કેટલાક ઔદ્યોગિક એકમો પોતાની સીધી દેખરેખ હેઠળ, એક ખાતા તરીકે ચલાવે છે. ઉપરાંત આવા એકમોની આવક અને ખર્ચની જોગવાઈઓ અંદાજપત્રમાં સામેલ કરવામાં આવે છે. તેવા ઔદ્યોગિક એકમોને ખાતાકીય એકમો તરીકે ઓળખવામાં આવે છે. દા.ત., રેલવે, ટપાલ વગેરે.
(B) જાહેર નિગમો :	જે એકમોની માલિકી કેન્દ્ર કે રાજ્ય સરકારની હોય છે. પરંતુ તેનું સંચાલન સ્વતંત્ર પણે નિગમ (કૉર્પોરેશન) દ્વારા કરવામાં આવે છે. પરંતુ નિગમના સંચાલન અને નિર્ણય-પ્રક્રિયામાં સરકારનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. ઉદાહરણ : જીવનવીમા નિગમ, સ્ટેટ ટ્રાન્સપોર્ટ નિગમ, ઍર ઈન્ડિયા, ખાતર-ઉત્પાદન- વેચાણ કરતા (GSFC, GNFC વગેરે) એકમો જાહેર નિગમો તરીકે ઓળખાય છે.
(C) સંયુક્ત મૂડી કંપનીઓ :	જે એકમોનું સંચાલન સરકાર ખાનગી ક્ષેત્રની જેમ પ્રવર્તમાન કંપનીધારા મુજબ કરે છે. ઉપરાંત, આ એકમોનો નિશ્ચિત માલિકી હક સરકાર જે-તે એકમના શૅર બહાર પાડી લોકો કે સંસ્થાઓને વેચી મૂડી એકઠી કરે છે. આ એકમો સરકારના સીધા અંકુશોથી મુક્ત હોય છે. આવા એકમો ખાતાકીય એકમો અને જાહેર નિગમોથી જુદા પ્રકારના હોય છે. ઉદાહરણ : હિન્દુસ્તાન મશીન ટુલ્સ, ઑઇલ ઍન્ડ નેચરલ ગેસ કૉર્પોરેશન (ONGC), ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશન વગેરે.
(2) ખાનગીક્ષેત્રના ઉદ્યોગો :	જે ઔદ્યોગિક એકમોની માલિકી અને સંચાલન ખાનગી હોય તેવા એકમને ખાનગી એકમ કહે છે. આવા એકમોનું સંચાલન વ્યક્તિગત માલિકીનું કે ભાગીદારી હેઠળનું હોય છે. ઉદાહરણ : કાર, ટીવી, બુટ-ચંપલ બનાવતા એકમો
(3) સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગો :	સંયુક્ત ક્ષેત્રના ઉદ્યોગોએ જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાં સરકાર ઉદ્યોગોનો માલિકી હક શેર સ્વરૂપે લોકો અને પેઢીઓને 51 % કે તેથી વધુ પ્રમાણમાં આપે છે જેથી ઉદ્યોગ સંયુક્ત ક્ષેત્રનું હોવા છતાં, તે સરકારના અધિકાર ક્ષેત્રમાં જ રહે છે. ઉદાહરણ : GSPC
(4) સહકારી ક્ષેત્રના ઉદ્યોગો :	નાના (સીમાંત) માલિકોનું શોષણ અટકાવવા, શ્રમિકોનું શોષણ અટકાવવા કે ગ્રાહકોના શોષણને અટકાવવા અને બધાના લાભ (ભલા) માટેના મુખ્ય આશયથી કરવામાં આવતી પ્રવૃત્તિઓને સહકારી ક્ષેત્રના ઉદ્યોગો કહે છે. જેમાં જીવનજરૂરી (આવશ્યક) વસ્તુઓની કેટલીક દુકાનો, દૂધની ડેરીઓ, કેટલીક બૅન્કો વગેરેનું સંચાલન સહકારી ધોરણે થાય છે. ઉદાહરણ : IFFCO, KRIBHCO

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

ઉત્પાદિત વસ્તુના સ્વરૂપને આધારે ઉદ્યોગોના પ્રકારો :	
(1) વપરાશી વસ્તુના ઉદ્યોગો :	જે વસ્તુઓ લોકોની પ્રત્યક્ષ જરૂરિયાતો સંતોષે છે તેવી વસ્તુઓ વપરાશી વસ્તુઓ કહેવાય છે. આવી વસ્તુઓનું ઉત્પાદન કરતા ઉદ્યોગોને વપરાશી વસ્તુના ઉદ્યોગો કહેવાય છે. ઉદાહરણ : ઘી, તેલ, સાબુ, શેમ્પુ, પાઉડર વગેરે બનાવતા ઉદ્યોગો
(2) અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગો :	જે વસ્તુઓનું ઉત્પાદન અર્ધ સ્વરૂપનું થાય છે એટલે કે એવી વસ્તુઓ કે જેનું ઉત્પાદન થયું છે પરંતુ, ઉત્પાદનનો વધુ એક તબક્કો બાકી હોય તેવા પ્રકારની વસ્તુઓને મૂડી વસ્તુઓ કહે છે અને તેવા પ્રકારની વસ્તુઓનું ઉત્પાદન કરતા એકમોને અર્ધતૈયાર વસ્તુના ઉદ્યોગો કહે છે. ઉદાહરણ : સૂતર, લોખંડનાં પતરાં, યંત્રો વગેરેના ઉદ્યોગો

ઔદ્યોગિક વિકાસ માટે સરકારે લીધેલાં પગલાં :	
1) રાજ્યની માલિકીનાં સાહસો	5) આર્થિક સહાય
2) ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોને ઉત્તેજન	6) પાયાની સુવિધાઓ
3) આયાત-જકાત	7) વિવિધ સંસ્થાઓ અને નીતિઓની રચના
4) ટેક્નિકલ કૌશલ્ય અને તાલીમ	

નાના પાયાના ઉદ્યોગોનું મહત્ત્વ :	
1) રોજગારી સર્જન	6) વિદેશી હૂંડિયામણની બચત
2) ઉત્પાદન-વૃદ્ધિ	7) સમયનો ટૂંકો ગાળો
3) ઉત્પાદન એકમોમાં વૃદ્ધિ	8) સમતોલ પ્રાદેશિક વિકાસ
4) નિકાસો	9) વિકેન્દ્રીકરણ
5) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ	10)ઊંચો વિકાસ-દર

સમતોલ આર્થિક વિકાસ :	જ્યારે દેશનાં તમામ ક્ષેત્રોનો એકસરખો વિકાસ થાય ત્યારે તેને સમતોલ આર્થિક વિકાસ કહે છે.
પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ :	જેને અંગ્રેજીમાં Foreign Direct Investment એટલે કે FDI પણ કહે છે. મૂળ વિદેશના લોકો દ્વારા દેશમાં ઉત્પાદનના હેતુથી વ્યક્તિગત ધોરણે મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે તેને વિદેશી સીધું મૂડીરોકાણ કહેવામાં આવે છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

વિશિષ્ટ આર્થિક વિસ્તાર :

- એક એવો વિસ્તાર જે વિદેશી મૂડીરોકાણકારોને આકર્ષે અને અંકુશોમુક્ત વાતાવરણ સર્જી, દેશની નિકાસો વધે તેવા પ્રયાસો કરતો વિસ્તાર.
- વિશિષ્ટ આર્થિક વિસ્તારને અંગ્રેજીમાં SEZ (Special Economic Zone) તરીકે ઓળખવામાં આવે છે.
- ભારતમાં વિશિષ્ટ આર્થિક વિસ્તારનો અમલ 1 એપ્રિલ, 2000થી શરૂ થયો.
- વિશિષ્ટ આર્થિક વિસ્તારનો મુખ્ય આશય વિદેશી મૂડીરોકાણને આકર્ષવા અને આંતરરાષ્ટ્રીય હરીફાઈ મુજબનું અંકુશોમુક્ત નિકાસ કરવા માટેનું વાતાવરણ સર્જવું.
- વિશિષ્ટ આર્થિક વિસ્તાર એ એક એવો ભૌગોલિક વિસ્તાર ઊભો કરવામાં આવે છે જે દેશમાં જ એક એવો વિસ્તાર બને છે જ્યાં આર્થિક કાયદાઓ દેશના કાયદાઓથી ભિન્ન હોય છે.
- ભારતમાં આઠ વિશિષ્ટ આર્થિક વિસ્તારોની સ્થાપના કરવામાં આવી છે. જેમાં સાંતાક્રૂઝ (મહારાષ્ટ્ર), કોચીન (કેરળ), કંડલા અને સુરત (ગુજરાત), ચેન્નઈ (તમિલનાડુ), વિશાખાપટ્ટનમ (આંધ્રપ્રદેશ), ફાલ્તા (પશ્ચિમ બંગાળ) અને નોઈડા (ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત નવા અઢાર વિશિષ્ટ આર્થિક વિસ્તારોની રચના માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

પાઠ : 11 : ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો

સ્થળાંતરનો અર્થ :	સામાન્ય અર્થમાં સ્થળાંતર એટલે સ્થળ બદલવું તે, એક સ્થળેથી બીજે સ્થળે વસવાટ કરવો તે.
સ્થળાંતરની વ્યાખ્યા :	"જ્યારે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે વતનથી દુર દેશમાં કે વિદેશમાં નોકરી, વ્યવસાય, ધંધો કે વધુ સારું જીવનધોરણ પ્રાપ્ત કરવા માટે કાયમી વસવાટ કરે છે ત્યારે તેને સ્થળાંતર કહે છે."
શિક્ષણનો અર્થ :	શિક્ષણ એટલે શીખવા કે શીખવવાની પ્રક્રિયા છે.
શહેરીકરણનો અર્થ :	સામાન્ય અર્થમાં ગ્રામ્ય વિસ્તારમાંથી શહેર વિસ્તારમાં થતા વસ્તીના સ્થળાંતરને શહેરીકરણ કહે છે.
શહેરીકરણની વ્યાખ્યા :	એવા બધા વિસ્તારો કે જ્યાં મ્યુનિસિપાલિટી કોર્પોરેશન, કેન્ટોનમેન્ટ બોર્ડ અથવા નોટિફાઈડ ટાઉન્સ એરિયા કમિટી (નિર્દિષ્ટ વિસ્તાર વિકાસ સમીતિ) હોય. એવા બધા અન્ય વિસ્તારો કે જયાં નીચેના બધા માપદંડોનું પાલન થતું હોય. જ્યાં... 5000 કે તેથી વધુ વસ્તી હોય. 75 % કે તેથી વધુ કાર્યશીલ પુરુષ વર્ગ કૃષિ સિવાયના ક્ષેત્રમાંથી રોજગારી મેળવતી હોય. વસ્તીની ગીચતા પ્રતિચોરસ કિલોમીટરે 400 કે તેથી વધુની હોય.
સ્થળાંતર :	જ્યારે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે વતનથી દૂર દેશમાં કે વિદેશમાં નશ્વર વ્યવસાય, વધુ જીવનધોરણ કરવા કાયમી વસવાટ કરે છે ત્યારે તેને સ્થળાંતર કહે છે.
આરોગ્યનો અર્થ :	વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO – World Health Organization) આરોગ્યની વ્યાખ્યા આ પ્રકારે આપવામાં આવી છે કે ફક્ત રોગની ગેરહાજરી કે શારીરિક શક્તિને જ સારું આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય નહિ, પરંતુ માણસના સંપૂર્ણ ભૌતિક, માનસિક અને સામાજિક કલ્યાણને આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય.
માનવ મૂડીરોકાણ :	માનવીની શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને તાલીમ પાછળ કરવામાં આવતું રોકાણ (ખર્ચ) એટલે માનવ મૂડીરોકાણ.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

સ્થળાંતરના પ્રકારો :	
(1) સ્થળ આધારિત સ્થળાંતર :	
(A) આંતરિક સ્થળાંતર :	(B) આંતરરાષ્ટ્રીય સ્થળાંતર :
દેશના ભૌગોલિક સીમામાં આપેલા એક સ્થળેથી બીજા સ્થળે થતા સ્થળાંતરને આંતરિક સ્થળાંતર કહે છે. દા.ત., ગુજરાત રાજ્યમાંથી દેશના અન્ય રાજ્યો કે શહેરોમાં જઈ વસવાટ કરે કે દેશના અન્ય કોઈ પણ ભાગના લોકો ગુજરાતમાં આવી વસવાટ કરે તો તેને આંતરિક સ્થળાંતર કહેવામાં આવે છે.	એક દેશમાંથી બીજા દેશોમાં થતાં સ્થળાંતરને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કહે છે. દા.ત., ગુજરાત કે ભારતના કોઈ પણ રાજ્યમાંથી વિશ્વના જુદા-જુદા દેશોમાં નોકરી, વ્યવસાય કે ધંધાર્થે અથવા ઉચ્ચ જીવનધોરણની અપેક્ષાએ કાયમી વસવાટ કરે કે દુનિયાના કોઈ પણ દેશના લોકો ભારતમાં આવી વસવાટ કરે તો તેને આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કહેવાય.
(2) કારણ આધારિત સ્થળાંતર :	
(A) આકર્ષણ સ્થળાંતર :	(B) અપાકર્ષણ સ્થળાંતર :
વ્યક્તિ કોઈ પણ કારણસર શહેરી જીવન પદ્ધતિ અને વિવિધ સવલતોથી આકર્ષાઈને (અદ્યતન માળખાકીય સુવિધાઓ) પોતાના વતનથી દૂર જઈ વસવાટ કરે ત્યારે તેને આકર્ષણ સ્થળાંતર કહે છે. દા.ત., ગામડાંમાંથી શહેરોમાં થતું સ્થળાંતર	ગ્રામ્ય સમાજમાં વસતા લોકોને ધંધો, વ્યવસાય કે નોકરીની પૂરતી તકો પોતાનાં ગામડાંમાં ન હોય કે આર્થિક પ્રવૃત્તિ માટેના બીજા વિકલ્પો ન હોય કે અપૂરતા હોય, શિક્ષણની પૂરતી તકો ન હોય ત્યારે તેઓ ફરજિયાતપણે શહેરો તરફ ધકેલાય છે, ત્યારે તેને અપાકર્ષણ સ્થળાંતર કહે છે.

સ્થળાંતરનાં કારણો :	
(1) આર્થિક કારણો :	A. નોકરી, વ્યવસાય કે ધંધા માટે B. બદલી C. કુદરતી સંપત્તિનું પ્રમાણ D. શિક્ષણની વધુ સારી તકો મેળવવા E. આરોગ્યની અત્યાધુનિક સુવિધાઓ મેળવવા માટે F. આયોજિત સ્થળાંતર
(2) સામાજિક કારણો :	A. લગ્ન B. સામાજિક રીતરિવાજોમાંથી મુક્તિ મેળવવા
(3) રાજકીય કારણો :	A. યુદ્ધ અને અશાંતિ B. ઘર્ષણ નિવારવા
(4) કુદરતી આપત્તિઓ કે પર્યાવરણીય પરિબળ :	

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

સ્થળાંતરની અસરો :	
(1) સ્થળાંતરની હકારાત્મક અસરો :	(2) સ્થળાંતરની નકારાત્મક અસરો :
a) આવકમાં વૃદ્ધિ b) દેશના ઝડપી આર્થિક વિકાસમાં ફાળો	a) અનિયંત્રિત શહેરીકરણ b) માળખાકીય સુવિધાઓનું અપૂરતું પ્રમાણ c) પર્યાવરણીય પ્રદૂષણની સમસ્યા d) સામાજિક દૂષણો

શહેરીકરણની અસરો :	
(1) શહેરીકરણની હકારાત્મક અસરો :	(2) શહેરીકરણની નકારાત્મક અસરો :
A. માળખાકીય સુવિધાઓમાં વધારો B. ગરીબીમાં ઘટાડો C. સાંસ્કૃતિક વિકાસ D. અત્યાધુનિક આરોગ્યની સેવાઓ E. સામાજિક અસર -આધુનિક વિચારસરણી F. ઊંચું જીવનધોરણ	A. આર્થિક અસમાનતા B. સામાજિક અસમાનતા C. ગંદા વસવાટોનો પ્રશ્ન D. કાયદો-વ્યવસ્થાની સમસ્યા E. આંતર માળખાકીય સુવિધાઓના પ્રશ્નો F. પર્યાવરણના પ્રદૂષણના પ્રશ્નો

શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો :	
1) નીતિવિષયક પગલાં 2) રોજગારીની તકો વધારવી 3) માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવી 4) શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ 5) ગૃહ અને નાના પાયાના ઉદ્યોગોનો વિકાસ 6) ગામડામાં પાયાની સુવિધાઓનો વિકાસ	7) વહીવટી વ્યવસ્થા સુદ્રઢ કરવી 8) આંતર માળખાકીય સેવાઓ: A. શિક્ષણ B. આરોગ્ય C. વીજળી D. રેલવે E. પેટ્રોલીયમ

ભારતમાં વીજળી 4 રીતે મેળવી શકાય છે :	
1) થર્મલ પાવર – કોલસા દ્વારા 2) હાઈડ્રોપાવર – પાણી દ્વારા	3) ન્યુક્લિઅર પાવર – પરમાણુ દ્વારા 4) અન્ય – પવનચક્કી, બાયોગેસ, સૂર્યશક્તિ વગેરે.

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

CSO	Central Statistical Organisation	
NSSO	National Sample Survey Organization	
CMIE	Centre For Monitoring Indian Economy	
PQLI	Physical Quality Of Life Index	જીવનની ભૌતિક ગુણવત્તાનો આંક
HDI	Human Development Index	માનવવિકાસ આંખ
UNDP	United Nations Development Programme	સયુંક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ
HDR	Human Development Report	માનવવિકાસ અહેવાલ
GID	Gender Development Index	જાતિય સમાયોજન આંક
TAI	Technological Achievement Index	ટેક્નોલોજી સિદ્ધી આંક
HPI	Human Poverty Index	માનવ ગરીબી આંક
HCI	Human Consumer Index	માનવ વપરાશ આંક
ATM		ઓટોમેટિક ટેલર મશીન
NEFT	National Electronic Fund Transfer	
RTGS	Real Time Gross Settlement	
CORE	Centralized Online Real Time Exchange	
CRR	Cash Reserve Ratio	રોકડ અનામત પ્રમાણમાં ફેરફાર
SLR	Statutory Liquidity Ratio	કાયદામાન્ય પ્રવાહિતાનું પ્રમાણ
OMO	Open Market Operations	ખુલ્લાં બજારનાં કર્યો
MWS	Million Well Scheme	10 લાખ કૂવાની યોજના
SITRA		ગ્રામીણ કારીગરો માટે સુધારેલી ટૂલકિટ પૂરી પાડવી
SGSY	Suvarnajayanti Gram Swarojgar Yojna	સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના
JRY	Jawahar Rozgar Yojna	જવાહર રોજગાર યોજના
EAS	Employment Assurance Scheme	રોજગાર બાંહેધરી યોજના
PMRY		પ્રધાનમંત્રી રોજગાર યોજના
NREGA	National Rural Employment Guarantee Act	રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન
MGNREGA	Mahatma Gandhi National Rural Employment Guarantee Act.	મહાત્મા ગાંધી રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન
IAY	Indira Awaas Yojna	ઈન્દિરા આવાસ યોજના
PMAY	Pradhan Mantri Awaas Yojna	પ્રધાનમંત્રી આવાસ યોજના
APY	Atal Pension Yojana	અટલ પેન્શન યોજના
PMFBY	Pradhan Mantri Fasal Bima Yojana	પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

PDUSJY	Pandit Deendayal Upadhyaya Shramev Jayate Yojna	પંડિત દીનદયાળ ઉપાધ્યાય શ્રમેવ જયતે યોજના
DUGJY	Deendayal Upadhyaya Gram Jyoti Yojna	દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના
DUGKY	Deendayal Upadhyaya Gram Kaushalya Yojna	દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના
NABARD	National Bank For Agriculture And Rural Development	
RRBs	Regional Rural Banks	પ્રાદેશિક ગ્રામીણ બેંકો
LDBs	Land Development Banks	જમીન વિકાસ બેંકો
IADP	Intensive Agricultural District Program	સઘન ખેતીનો કાર્યક્રમ
HYVP	High Yielding Varities Program	ઊંચી ઉત્પાદકતા આપતી જાતોનો કાર્યક્રમ
CIBRC	Central Insecticide Board And Registration Committee	
ICAR	Indian Council Of Agricultural Research	
WTO	World Trade Organization	વિશ્વ વેપાર સંગઠન
SEZ	Special Economic Zone	વિશિષ્ટ આર્થિક વિસ્તાર
FDI	Foreign Direct Investment	પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ
ONGC	Oil And Natural Gas Commission Limited (Corporation)	

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com

Abbreviations used in the Book

ALE	:	Average Life Expectancy
BHEL	:	Bharat Heavy Electricals Limited
CD	:	Compact Disc
CIS	:	Commonwealth of Independent States
CMIE	:	Centre for Monitoring Indian Economy
CSO	:	Central Statistical Organization
DEMAT	:	Dematerialized Account
DUGJY	:	Deendayal Upadhyaya Gram Jyoti Yojna
DUGKY	:	Deendayal Upadhyaya Gram Kaushalya Yojna
DWCRA	:	Development of Women and Children in Rural Areas
EAS	:	Employment Assurance Scheme
GDP	:	Gross Domestic Product
GIC	:	General Insurance Company
GNI	:	Gross National Income
GSPC	:	Gujarat State Petroleum Corporation
HDI	:	Human Development Index
IAY	:	Indira Awaas Yojna
ICICI	:	Industrial Credit and Investment Corporation of India
IDBI	:	Industrial Development Bank of India
IFCI	:	Industrial Finance Corporation of India
IFFCO	:	Indian Farmers Fertiliser Co-operative Limited
ILO	:	International Labour Organization
IMF	:	International Monetary Fund
IOC	:	Indian Oil Corporation
IRDP	:	Integrated Rural Development Programme
JRY	:	Jawahar Rozgar Yojna
KRIBHCO	:	Krishak Bharati Co-operative Limited
LIC	:	Life Insurance Corporation
MGNREGA	:	Mahatma Gandhi National Rural Employment Guarantee Act.
MWS	:	Million Well Scheme
NREGA	:	National Rural Employment Guarantee Act
NSSO	:	National Sample Survey Organization
ONGC	:	Oil and Natural Gas Corporation Limited
OPEC	:	Organization of Petroleum Exporting Countries
PDUSJY	:	Pandit Deendayal Upadhyaya Shramev Jayate Yojna
PMAY	:	Pradhan Mantri Awaas Yojna
PMFBY	:	Pradhan Mantri Fasal Bima Yojana
PPP	:	Purchasing Power Parity
PQLI	:	Physical Quality of Life Index
RBI	:	Reserve Bank of India
REGP	:	Rural Employment Guarantee Programme
SGSY	:	Suvarnajayanti Gram Swarojgar Yojna
SIDBI	:	Small Industries Development Bank of India
SITRA	:	Supply of Improved Tool-Kits to Rural Artisans
TYYSEM	:	Training of Rural Youth for Self Employment
UK	:	United Kindgdom
UNO	:	United Nations Organization
USA	:	United States of America
WHO	:	World Health Organization

●●●

For More Papers & Materials
Visit WWW. Gujjugujarati.com